ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

# નવસારી-વલસાડ-વાપી



## કરજુનમાં પતિએ દારૂના નશામાં પત્નીની હત્યા કરી

**પુત્રએ** પિતા સામે ફરિયાદ નોંધાવી, દારૂની કુટેવે ઘરનો માળો વિખેરી નાખ્યો

વલસાડ : વલસાડ જિલ્લાના કપરાડા તાલુકાના કરજુન ગામે દારૂ પીવા બાબતે પતિ-પત્ની વચ્ચે વિવાદ થતા, પતિએ લાકડાના ફટકા મારીને પત્નીની હત્યા કરી નાખી છે. આ મામલે મૃતકના પુત્ર પ્રવીણ વાઘમાર્યાએ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. પ્રવીણભાઈ કપરાડાની શાળામાં શિક્ષક તરીકે ફરજ બજાવે છે. તેમની ફરિયાદ મુજબ, તેમની માતા આનંદીબેન દારૂના નશામાં ઘેર આવ્યા હતા. પુત્રએ તેમને સૂઈ જવાનું કહીને રૂમમાં જઈને સૂઈ ગયો હતો.

સવારે માતા જોવા મળી ન હતી અને તેઓ પિતા સાથે નોકરી ઉપર જવા નીકળી ગયો હતો. આ દરમિયાન કુટુંબી કાકાનો ફોન આવ્યો કે, આનંદીબેન કોલક નદીના પાણીમાં પડી ગયા હતા અને તેમને બહાર કાઢ્યા છે. પરિવારજનો તેમને ઘરે લઈ આવ્યા ત્યારે શરીર પર ઈજા નહોતી. જોકે, બાદમાં પિતાએ જણાવ્યું કે માતા ઉઠતી નથી. પુત્રએ ઘરે આવીને જોતા માતાના ચહેરા અને કાનમાંથી લોહી નીકળતું હતું. પિતા સુરેશભાઈએ પૂછપરછમાં જણાવ્યું કે, માતા રાત્રે દારૂના નશામાં હોવાથી ગુસ્સો આવ્યો હતો. તેમણે બે-ત્રણ થપ્પડ મારી લાકડું લાવીને માથામાં ફટકો માર્યો હતો, જેના કારણે ગંભીર ઈજા થવાથી મોત નીપજ્યું હતું. માતા અને પિતા બંને દારૂની ટેવ ધરાવતા હોવાથી અગાઉ પણ અવારનવાર બોલાચાલી થતી હતી. આ બનાવ અંગે પોલીસે ગુનો નોંધીને આગળની કાયદેસરની તપાસ હાથ ધરી છે.

# આશ્રમમાં મહંતનો શિષ્ય બની ગયો લૂંટનો માસ્ટરમાઈન્ડ

**વાંસદા** આંગડિયા પેઢીના લૂંટના માસ્ટરમાઇન્ડને પોલીસે માઉન્ટ આબુના જંગલના આશ્રમમાંથી ઝડપી પાડ્યો

**અગાઉ** ત્રણ આરોપીઓ પકડાઈ ચૂક્યા હતા

વાંસદાઃ વાંસદા બજારમાં આવેલી રમેશકુમાર અંબાલાલની આંગડિયા પેઢીમાં ૨૦ જુલાઈ ૨૦૨૬ના રોજ બનેલી ૧૨.૫૦ લાખ રૂપિયાની લૂંટના ચકચારી ગુનામાં પોલીસને ચકમો આપીને નાસતા ફરતા માસ્ટરમાઈન્ડ



આરોપીને વાંસદા પોલીસે રાજસ્થાનના માઉન્ટ આબુના જંગલમાંથી ઝડપી પાડવામાં મોટી સફળતા મેળવી છે.

ઘટનાની વિગતો મુજબ, આરોપીઓએ પેઢીમાં પ્રવેશ કરી "ધરમપુર ખાતે આંગડિયું કરવું છે" તેમ કહીને સ્લાઈડર દરવાજો ખોલાવ્યો હતો અને રોકડા ૧૨,૫૦,૦૦૦ રૂપિયાની લૂંટ ચલાવી ફરાર થઈ ગયા હતા.

આ ગંભીર ગુનાની તપાસ એલસીબી નવસારી અને વાંસદા પોલીસની સંયુક્ત ટીમ દ્વારા હાથ ધરવામાં આવી હતી. અગાઉ પોલીસ આ ગુનામાં સંડોવાયેલા સોપારામ ઉર્ફે સંતોષ અજબારામ ચૌધરી, નરેશભાઈ ભગવાનદાસ વૈષ્ણવ અને મોહંમદ તસલીમ કલીમભાઈ રાઈનને ઝડપી ચૂકી હતી, પરંતુ મુખ્ય માસ્ટરમાઈન્ડ રાજારામ ઉર્ફે રાજુ રૂપારામ અજબારામ ચૌધરી પોલીસ પકડથી દૂર હતો.

આ માસ્ટરમાઈન્ડને ઝડપી પાડવા વાંસદા પીઆઈ જે.વી. ચાવડા અને પીએસઆઈ એસ.વી. ચોસલાની ટીમે ટેક્નિકલ સર્વેલન્સ અને હ્યુમન ઈન્ટેલિજન્સના આધારે સઘન તપાસ આદરી હતી. તપાસ દરમિયાન બાતમી મળી હતી કે આરોપી રાજારામ પકડાઈ જવાના ડરથી રાજસ્થાનના માઉન્ટ આબુના અંતરિયાળ જંગલ વિસ્તારમાં આવેલા એક આશ્રમમાં મહંતના શિષ્ય તરીકે સાધુવેશ ધારણ કરીને છુપાયેલો છે.

આ બાતમીના આધારે વાંસદા પોલીસની ટીમ ત્વરિત રાજસ્થાન રવાના થઈ હતી અને માઉન્ટ આબુના જંગલ વિસ્તારમાં પહોંચી કુનેહપૂર્વક ઓપરેશન પાર પાડીને આશ્રમમાં સાધુના વેશમાં રહેતા માસ્ટરમાઈન્ડ રાજારામ ઉર્ફે રાજુ રૂપારામ ચૌધરીને દબોચી લીધો હતો. પોલીસની આ સરાહનીય કામગીરીથી ગુનાનો સંપૂર્ણ ભેદ ઉકેલાઈ ગયો છે.



## વલસાડ જિ.માં ૧૮૮૮ વિકાસ કાર્યો કરાશે

**મંત્રીઓ** કનુભાઈ દેસાઈ અને નરેશ પટેલની ઉપસ્થિતિમાં મળેલી બેઠકમાં સુખ-સુવિધા વધારવા પર ભાર મૂકાયો

વલસાડ : વલસાડ જિલ્લા આદિજાતિ વિકાસ મંડળની બેઠક નાણાંમંત્રી કનુભાઈ દેસાઈની ઉપસ્થિતિમાં મંત્રી નરેશ પટેલના અધ્યક્ષસ્થાને વલસાડ કલેક્ટર કચેરીએ મળી હતી. જેમાં વર્ષ ૨૦૨૬-૨૭ હેઠળ વલસાડ જિલ્લામાં ૧૮૮૮ કામો માટે કુલ રૂપિયા ૧૦૬.૨૮ કરોડની જોગવાઈ કરવામાં આવી હતી. જેમાં આદિજાતિ વિસ્તાર માટે કુલ રૂપિયા ૧૦૪.૮૬ કરોડ તેમજ છુટા છવાટા વિસ્તાર માટે કુલ રૂપિયા ૧.૪૨ કરોડની જોગવાઈ કરવામાં આવી હતી. આ બેઠકમાં જિલ્લા કલેક્ટર નીતિન સાંગવાને અધિકારીઓને માર્ગદર્શન આપ્યું હતું.

બેઠકમાં ન્યુ ગુજરાત પેટર્ન ૯૬ ટકા વિવેકાધિન સંભવિત જોગવાઈનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ધરમપુર, કપરાડા, નાનાપોંઢા, પારડી, ઉમરગામ, અટગામ પોકેટ અને રોણવેલ પોકેટમાં વસતા લોકોની સુખ સુવિધા માટે થનાર વિકાસ કામોની ચર્ચા કરવામાં આવી હતી.

આ સિવાય ન્યુ ગુજરાત પેટર્ન છુટા છવાયા વિસ્તાર ૪ ટકા વિવેકાધિન હેઠળ વર્ષ ૨૦૨૬-૨૭ માં ૨૧ કામો માટે રૂપિયા ૧૪૨.૩૪ કરોડની સંભવિત જોગવાઈ કરવામાં આવી હતી. આ બેઠકમાં જિલ્લા પંચાયત પ્રમુખ હેતલ પટેલ, ધારાસભ્યો ભરત પટેલ, રમણલાલ પાટકર, અરવિંદ પટેલ, જીતુભાઈ ચૌધરી, જિલ્લા વિકાસ અધિકારી અતિરાગ ચપલોત ઉપસ્થિત રહ્યા હતા.

## ગોઈમા ગામે એસ.ટી.એ ટક્કર મારતા મોપેડ સવાર પતિનું મોત

**વાપીની** વેલ્સ્પન કંપનીમાં નોકરી કરતા દંપતીને નડ્યો અકસ્માત, બસ ચાલક વાહન મૂકીને ફરાર

પારડી : પારડી તાલુકાના ગોઈમા ગામના ગૌમુખી ફળિયા નજીક ઉદવાડાથી નાનાપોઢા જતા માર્ગ પર એક ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો.

અરનાલા મુસ્લિમ ફળિયામાં રહેતા ઈન્જામુલહક અબ્દુલહક ખોત અને તેમની પત્ની દિવ્યાબેન સવારે એક્ટિવા મોપેડ (નંબરઃ GJ-15-EH-9284) પર વાપી ખાતે આવેલી વેલ્સ્પન કંપનીમાં નોકરી અર્થે જઈ રહ્યા



હતા. તે દરમિયાન સામેથી પૂરઝડપે અને ગફલતભરી રીતે આવી રહેલી એસ.ટી. બસે (નંબરઃ GJ-18-ZT-0785) તેમની એક્ટિવાને જોરદાર ટક્કર મારી હતી. અકસ્માત એટલો ભયાનક હતો કે દંપતી રોડની બાજુએ ફંગોળાઈ ગયું હતું.

આ ઘટનામાં ઈન્જામુલહકને ગંભીર ઈજાઓ થવાથી તેમનું ઘટનાસ્થળે જ કરૂણ મોત નીપજ્યું હતું, જ્યારે તેમની પત્ની દિવ્યાબેનને જમણા હાથ તથા પગમાં ગંભીર ઈજાઓ પહોંચી હતી. આસપાસના લોકોએ તાત્કાલિક ૧૦૮ એમ્બ્યુલન્સને જાણ કરી દિવ્યાબેનને નાનાપોંઢાની ચીરંજીવી હોસ્પિટલમાં સારવાર માટે ખસેડ્યા હતા. મૃતક પતિના શબને પીએમ અર્થે સરકારી હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. અકસ્માત સર્જ્યા બાદ એસ.ટી. બસનો ચાલક વાહન સ્થળ પર જ મૂકીને નાસી છૂટ્યો હતો. આ મામલે પોલીસ ફરિયાદ નોંધાઈ છે અને આગળની કાયદેસરની તપાસ હાથ ધરવામાં આવી છે.

## શિક્ષણ સુધારા વિધેયકથી સ્વનિર્ભર શાળાઓમાં અસંતોષ

**દંડની** રકમ ૧,૦૦૦ થી વધારીને ૧૦ થી ૨૦ લાખ રૂપિયા સુધીની જોગવાઈ સામે સંચાલકોમાં ચિંતા

### આંદોલનાત્મક કાર્યક્રમો કરવાની ચેતવણી

મહામંડળે સરકાર સાથે સીધી ચર્ચા કરી વિધેયકની જોગવાઈઓ અંગે સંચાલકોના સૂચનો સાંભળવાની માંગ કરી છે. સરકાર તરફથી યોગ્ય પ્રતિસાદ નહીં મળે તો તબક્કાવાર રીતે કાળી પટ્ટી ધારણ કરી પ્રતીકાત્મક વિરોધ અને ત્યારબાદ જરૂરિયાત મુજબ આંદોલનાત્મક કાર્યક્રમો હાથ ધરવાની ચેતવણી આપવામાં આવી છે. નવસારી જિલ્લા સ્વનિર્ભર શાળા સંચાલક મંડળના પ્રમુખ મનોજ જીવાણીએ જણાવ્યું હતું કે શિક્ષણ ક્ષેત્રમાં સુધારા જરૂરી છે, પરંતુ નિર્ણય પ્રક્રિયામાં શાળા સંચાલકો સહિત તમામ હિતધારકો સાથે સંવાદ અને વ્યવહારુ અભિગમ જાળવવો પણ એટલો જ જરૂરી છે.

નવસારીઃ ગુજરાત સરકાર દ્વારા રજૂ કરાયેલા 'ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ (સુધારા) વિધેયક-૨૦૨૬'ને લઈને નવસારી સહિત રાજ્યની અંદાજે ૧૭ હજાર સ્વનિર્ભર શાળાઓના સંચાલકોમાં ચર્ચા અને અસંતોષ જોવા મળી રહ્યો છે. સ્વનિર્ભર શાળા સંચાલક મહામંડળે વિધેયકની કેટલીક જોગવાઈઓ અંગે સરકારનું ધ્યાન દોરી, શિક્ષણ વ્યવસ્થામાં સુધારા સાથે શાળાઓની વહીવટી સ્વાયત્તતા અને વ્યવહારિક મુશ્કેલીઓનું પણ ધ્યાન રાખવાની માંગ કરી છે.

મહામંડળના હોદ્દેદારોના જણાવ્યા મુજબ સરકારી ગ્રાન્ટ કે આર્થિક સહાય વિના પોતાના સંસાધનોથી ચાલતી સ્વનિર્ભર શાળાઓમાં સ્ટાફની ભરતી, લાયકાત, સેવા શરતો અને સસ્પેન્શન જેવા વહીવટી નિર્ણયો માટે વધારાની સરકારી મંજૂરીની જોગવાઈથી સંચાલન પ્રક્રિયા વધુ જટિલ બની શકે છે. શાળાઓને શિક્ષણની ગુણવત્તા સુધારવા માટે પૂરતો સમય અને સંસાધન મળે તે જરૂરી હોવાનું પણ જણાવાયું છે. વિવિધ સરકારી કચેરીઓ દ્વારા વારંવાર માંગવામાં આવતા અહેવાલો અને માહિતીના કારણે શાળાઓના વહીવટી સ્ટાફ પર વધારાનું કામનું ભારણ ઊભું થતું હોવાની રજૂઆત કરવામાં આવી છે.

વિધેયકમાં દંડની જોગવાઈઓને લઈને પણ સંચાલકો દ્વારા ખાસ ધ્યાન દોરવામાં આવ્યું છે. ભરતીના નિયમોના ભંગ બદલ દંડ રૂ.૧,૦૦૦થી વધારી રૂ.૧૦ લાખ કરવાની જોગવાઈ અને શાળા બંધ કરવાની છ મહિના અગાઉ નોટિસ સંબંધિત નિયમના ભંગ બદલ રૂ.૨૦ લાખ સુધીના દંડની જોગવાઈને સંચાલકોએ ગંભીર ગણાવી છે.

## હત્યા-ચોરી સહિત 11 ગુનાનો સીકલકર ગેંગનો આરોપી ઝડપાયો

નવસારીઃ નવસારી રૂરલ પોલીસ મથકમાં નોંધાયેલા ગંભીર ગુનામાં નાસતો ફરતો સીકલકર ગેંગનો આરોપી ગુલ્લુસિંહ બબલુસિંહ સીકલકરને નવસારી SOGની ટીમે સિસોદ્રા વિસ્તારમાંથી ઝડપી પાડ્યો છે.

નવસારી જિલ્લામાં નાસતા-ફરતા આરોપીઓને ઝડપી પાડવા પોલીસ દ્વારા હાથ ધરાયેલી કામગીરી દરમિયાન SOGએ ખાનગી બાતમીદારો અને ટેકનિકલ સર્વેલન્સના આધારે આરોપીની હિલચાલ પર નજર રાખી હતી. ચોક્કસ બાતમી મળતાં ટીમે કાર્યવાહી કરી આરોપીને ઝડપી લીધો હતો. આરોપી નવસારી રૂરલ પોલીસ મથકમાં નોંધાયેલા ગુનામાં વોન્ટેડ હતો. પકડાયેલો આરોપી મૂળ ભેસ્તાન, સુરતનો રહેવાસી છે અને ચોર્યાસી, જિ. સુરત ખાતે રહેતો હોવાનું પોલીસે જણાવ્યું છે.પોલીસ રેકોર્ડ મુજબ આરોપી સામે સુરત અને ગોધરા સહિતના વિવિધ પોલીસ મથકોમાં કુલ 11 ગુનાઓ નોંધાયેલા છે. જેમાં હત્યા, હત્યાનો પ્રયાસ, ઘરફોડ ચોરી, ચોરી, મારામારી અને ધમકી જેવા ગંભીર ગુનાઓનો સમાવેશ થાય છે. પાંડેસરા પોલીસમાં હત્યા અને હત્યાના પ્રયાસ સહિતની કલમો હેઠળ ગુનો નોંધાયેલો છે. SOGએ ઝડપી કાર્યવાહી માટે નવસારી રૂરલ પોલીસને સોંપ્યો છે.

## આહવા-ચિંચલી રોડ પર હિટ એન્ડ રનમાં ચાલક ઝડપાયો



સાપુતારા : ડાંગ જિલ્લાના આહવા-ચિંચલી રોડ પર માદલબારી ગામે પૂરઝડપે દોડતી બોલેરો ગાડીએ એક મોટરસાયકલને સામેથી ટક્કર મારતા ચાલકનું ઘટનાસ્થળે જ કરૂણ મોત નીપજ્યું હતું, ત્યારબાદ અજાણ્યો ચાલક વાહન લઈને ફરાર થઈ ગયો હતો. આ ગંભીર હિટ એન્ડ રનની ઘટના અંગે આહવા પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાયો હતો.આ અન-ડીટેક્ટ ગુનાને ઉકેલવા ઉચ્ચ અધિકારીઓના માર્ગદર્શન હેઠળ આહવા પોલીસની અલગ-અલગ ટીમો બનાવવામાં આવી હતી. પોલીસે સીસીટીવી ફૂટેજ, ટેકનિકલ એનાલિસિસ અને બાતમીદારોની મદદથી સઘન તપાસ હાથ ધરી હતી. આ સચોટ તપાસના આધારે પોલીસે નાંદનપેડા ગામે રહેતા ૪૧ વર્ષીય ડ્રાઈવર જુમ્મા રહેમાનભાઈ વાનીને ઝડપી પાડ્યો હતો અને અકસ્માતમાં સંડોવાયેલી બોલેરો પિકઅપ ગાડી કબ્જે કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.




## કપરાડાના ધારાસભ્યએ વાપી રેલવેનો મુદ્દો ઉઠાવ્યો

**કર્મચારીઓની** અછત, ઉત્તર બાજુએ મુસાફરો માટે શૌચાલયની સુવિધા, મહિલાઓ માટે અલગ પ્રતિક્ષાલયની સુવિધા

વલસાડ : મુંબઈમાં રેલવે યુઝર્સ કન્સલ્ટેટિવ કમિટીની યોજાયેલી બેઠકમાં કપરાડાના ધારાસભ્ય જીતુભાઈ ચૌધરીએ વાપી રેલવે સ્ટેશનનો મુદ્દો ઉઠાવ્યો હતો. તેમણે ઉત્તર બાજુએ મુસાફરો માટે શૌચાલયની સુવિધા, મહિલાઓ માટે અલગ પ્રતિક્ષાલયની સુવિધા, એ.સી. પ્રતિક્ષાલયમાં એટેન્ડન્ટની વ્યવસ્થા સહીતના પ્રશ્ન ઉઠાવ્યા હતાં.

ધારાસભ્યએ વાપી રેલવે સ્ટેશનના વિવિધ વિભાગોમાં કર્મચારીઓની અછત દૂર કરવા માંગ કરવામાં આવી છે. કર્મચારીઓની અછતના કારણે મુસાફરોને આપવામાં આવતી સેવાઓ, સ્ટેશનની જાળવણી, સ્વચ્છતા સહિતની કામગીરી પર પ્રતિકૂળ અસર થતી હોવાનું જણાવાયું છે. સ્ટેશનની કામગીરી સુચારુ બને તે માટે કર્મચારીઓની ફાળવણી, સ્ટેશનના ઉત્તર બાજુએ મુસાફરો માટે શૌચાલયની સુવિધા ઉપલબ્ધ ન હોવાથી ખાસ કરીને વરિષ્ઠ નાગરિકો, દિવ્યાંગો, મહિલાઓ તથા અન્ય મુસાફરોને મુશ્કેલી પડે છે. પ્લેટફોર્મ નં. 1, 2 અને 3 પર સ્પષ્ટ તથા માહિતીપ્રદ સાઈન બોર્ડ લગાવવાની માંગ કરવામાં આવી છે, જેથી મુસાફરોને વિવિધ સુવિધાઓ અને દિશાઓ અંગે સરળતાથી માર્ગદર્શન મળી શકે. સ્ટેશન પર મહિલાઓ માટે અલગ પ્રતિક્ષાલયની સુવિધા ઉપલબ્ધ ન હોવાથી મહિલા મુસાફરોની સુરક્ષા, ગોપનીયતા અને સુવિધાને ધ્યાનમાં રાખીને અલગ મહિલા પ્રતિક્ષાલયની વ્યવસ્થા કરવાની માંગ, ખાસ કરીને નાના બાળકો સાથે મુસાફરી કરતી માતાઓ માટે આ સુવિધા ઉપયોગી સાબિત થશે.

## કલસરના જમીન દલાલ વિમલ સામે ચોથો ગુનો નોંધાયો

પારડી : પારડી તાલુકામાં બીજાની જમીનો પોતાની કહી લાખો રૂપિયા પડાવનાર કલસરના બોગસ જમીન દલાલ વિમલ સુમનભાઈ પટેલ સામે પારડી પોલીસ મથકે છેતરપિંડીનો ચોથો ગુનો નોંધાયો છે. અગાઉ ત્રણ વેપારીઓ સાથે કરોડોની ઠગાઈ કરનાર આ ઠગ સામે હવે દમણના વેપારી સાથે 1.40 કરોડથી વધુની છેતરપિંડીની ફરિયાદ દાખલ થઈ છે. આ સાથે જ તેની કુલ ઠગાઈનો આંકડો રૂપિયા 2.55 કરોડને વટાવી ગયો છે. દમણના કડેયા ખાતે ભાર્ગવ એન્જિનિયરિંગ નામનો વ્યવસાય કરતા અને નાની દમણ ભંડારવાડમાં રહેતા રાહુલ દામુભાઈ ભંડારીને પોતાની ફેક્ટરી માટે જમીનની જરૂર હોય, તેમણે વિમલ પટેલનો સંપર્ક કર્યો હતો. આરોપી વિમલે પલસાણામાં આવેલી અન્ય વ્યક્તિની માલિકીની જમીન પોતાની હોવાનું કહી બોગસ વેચાણ કરાર બનાવી આપ્યા હતાં. વિશ્વાસમાં લઈ આરોપીએ કુલ રૂપિયા 1,40,24,200ની માતબર રકમ મેળવી લીધી હતી. જમીનનો દસ્તાવેજ ન કરી આપતા અને અવારનવાર બહાના બતાવતા ફરિયાદીને શંકા ગઈ હતી. જાહેર નોટિસ આપતા જમીન માલિકે કોઈ વેચાણ ન કર્યું હોવાનું સ્પષ્ટ થયું હતું. નાણાં પરત માગતા બોગસ જમીન દલાલે જાનથી મારવાની ધમકી આપી હતી.


### સુરત મહાનગરપાલિકા
### જાહેર અપીલ
### શ્રી ગણેશજીની પ્રતિમાઓનું વિસર્જન કૃત્રિમ તળાવોમાં કરવા બાબત

FIT INDIA

સુરત શહેરમાં આગામી શ્રી ગણેશ ઉત્સવ નિમિતે સ્થાપિત કરવામાં આવતી પ્રતિમાઓ પૈકી પ્લાસ્ટર ઓફ પેરિસ (પી.ઓ.પી.) માંથી બનાવેલ પાંચ ફુટ સુધીની પ્રતિમાઓને, એન્વાયરોમેન્ટ (પ્રોટેક્શન) એક્ટ ૧૯૮૬ ની કલમ-૫ હેઠળ ગુજરાત સરકારનાં વન અને પર્યાવરણ વિભાગનાં પત્ર નં. ઈએનવી/૧૦/૨૦૧૦/૧૦૦૪/ઈ, તા.૨૬/૦૭/૨૦૧૦ ધ્વારા પાઠવેલ સેન્ટ્રલ પોલ્યુશન કંટ્રોલ બોર્ડ (સરકારશ્રી ના વન અને પર્યાવરણ વિભાગ) તરફથી દરીયા, નદી, તળાવના પાણી તથા પર્યાવરણમાં થતા પ્રદુષણને અટકાવવા માટે આપેલ સુચનો તથા ધી નેશનલ ગ્રીન ટ્રીબ્યુનલનાં તા.૦૯/૦૫/૨૦૧૩નાં હુકમ તથા નેશનલ ગ્રીન ટ્રીબ્યુનલ, સેન્ટ્રલ ઝોન બેન્ચ, ભોપાલનાં તા.૧૮/૦૮/૨૦૧૫નાં હુકમને આધારે પર્યાવરણનાં રક્ષણ માટે આગામી તા.૧૪/૦૯/૨૦૨૬ થી તા.૨૫/૦૯/૨૦૨૬ સુધીનાં શ્રી ગણેશ ઉત્સવ નિમિત્તે થનાર શ્રી ગણેશજીની પ્રતિમાઓનું વિસર્જન કુદરતી જળાશયોમાં નહી કરતાં નીચે જણાવેલ ૨૧(એકવીસ) કૃત્રિમ તળાવો (આર્ટીફીશીયલ પોન્ડ) માં કરવા સુરત મહાનગરપાલિકા તરફથી આયોજન કરવામાં આવેલ છે.

| અ. નં. | ઝોન | | શ્રી ગણેશજીની મૂર્તિ વિસર્જન માટેના કૃત્રિમ તળાવોના લોકેશન | સંખ્યા | ગૌરી ગણેશ | ગણેશ વિસર્જન |
|---|---|---|---|---|---|---|
| ૧ | અઠવા ઝોન | ૧. | ડુમસ ગામ - કાંદી ફળીયા (૧) | ૩ | | ✓ |
| | | ૨. | ડુમસ ગામ - કાંદી ફળીયા (૨) | | ✓ | ✓ |
| | | ૩. | ટી.પી. સ્કીમ નં. ૭ (વેસુ-મગદલ્લા), ફા. પ્લોટ નં.૧૨૯, નંદીની -૩ ની સામે, VIP રોડ અને ટી.પી. સ્કીમ નં.૬ (વેસુ), ફા. પ્લોટ નં.૭૩, વાસ્તુગ્રામ નજીક, વી.આઈ.પી.રોડ. વેસુ. | | | ✓ |
| ૨ | સેન્ટ્રલ ઝોન | ૪. | ગાંધી બાગની પાછળ, ડક્કા ઓવારા, ચોક. | ૧ | ✓ | ✓ |
| ૩ | વરાછા ઝોન-એ | ૫. | ટી.પી. સ્કીમ નં. ૨૦ (પુણા), ફા. પ્લોટ નં. ૧૯૨, ક્રિસ્ટલ પ્લાઝાની બાજુમાં, સીલ્વર ચોક પાસે. | ૧ | ✓ | ✓ |
| ૪ | વરાછા ઝોન-બી | ૬. | પ્રિ.ટી.પી. સ્કીમ નં.૨૧ (સરથાણા-સિમાડા), ફા.પ્લોટ નં. ૧૪૭ (સેલ ફોર રેસી.), ગૌરવ સેનાની ભવન, સરથાણા ફાયર સ્ટેશનની પાછળ, સરથાણા. | ૨ | ✓ | ✓ |
| | | ૭. | ટી.પી. સ્કીમ નં.૨૫(મોટા વરાછા), ઓ.પી.નં.૬૫, બ્લોક નં.૪૯૦, રામચોક પાસે, મોટા વરાછા. | | ✓ | ✓ |
| ૫ | લિંબાયત ઝોન | ૮. | ટી.પી. સ્કીમ નં. ૪૧ (ડીંડોલી), ફા. પ્લોટ નં.ઓ-૪૬, (રીક્રિએશન ફોર એસ.એમ. સી.), નવાગામ ડીંડોલી સી.એન.જી. પંપ થી નંદનવન રો-હાઉસ તરફ જતા રોડ પર | ૩ | ✓ | ✓ |
| | | ૯. | ટી.પી.સ્કીમ નં.૧૯ (પરવટ - મગોબ), વેચાણ હેતુ રેસીડેન્સનાં હેતુ માટે અનામત ફા.પ્લોટ નં.૧૧૦/૧/૩, રાજ ટેક્ષટાઈલ્સની બાજુમાં, મગોબ. | | | ✓ |
| | | ૧૦. | ટી.પી. સ્કીમ નં. ૬૧ (પરવત-ગોડાદરા), ફા. પ્લોટ નં.આર-૨૫ આહિરચોક પાસે દેવીકૃપા રો - હાઉસ ની બાજુમાં, ગોડાદરા. | | | ✓ |
| ૬ | ઉધના ઝોન-એ | ૧૧. | ટી. પી. સ્કીમ નં. ૦૬(મજુરા - ખટોદરા), ફા. પ્લોટ નં.૩૭૮, ખરવર નગર જંક્શન પાસે | ૨ | ✓ | ✓ |
| | | ૧૨. | ટી.પી. સ્કીમ નં. ૨૨ (ભેસ્તાન), ફા. પ્લોટ નં.૭૧, સંગમનગર સોસાયટીની પાછળ, ભેસ્તાન ફાયર સ્ટેશન પાસે | | ✓ | ✓ |
| ૭ | ઉધના ઝોન-બી | ૧૩. | સુરત-નવસારી રોડને લાગુ સચિન સુડા સેક્ટર-૩ ખાતે આવેલ સી.ઓ.પી. | ૧ | ✓ | ✓ |
| ૮ | રાંદેર ઝોન | ૧૪. | ટી.પી. સ્કીમ નં. ૭૪ (પાલ), ફા.પ્લોટ નં. આર-૩, પાલ આર.ટી.ઓ. પાસે. | ૪ | ✓ | ✓ |
| | | ૧૫. | અડાજણ ગામ ડેપો વિસ્તારમાં આવેલ રામજી ઓવારા, સ્ટાર બજારની સામે, અડાજણ | | | ✓ |
| | | ૧૬. | ટી.પી. સ્કીમ નં. ૪૬ (જહાંગીરપુરા), ફા. પ્લોટ નં.૯૪, પરિશ્રમ પાર્ક પાસે | | | ✓ |
| | | ૧૭. | ટી.પી. સ્કીમ નં.૮ (પાલનપોર), ફા. પ્લોટ નં. ૧૨૦, પાલનપુર કેનાલ રોડ, નક્ષત્ર વ્યુ ની સામે | | | ✓ |
| ૯ | કતારગામ ઝોન | ૧૮. | ટી.પી. સ્કીમ નં. ૧૯ (કતારગામ), ફા. પ્લોટ નં.૧૯૯, લંકા વિજય ઓવારા પાસે. | ૪ | | ✓ |
| | | ૧૯. | ટી.પી સ્કીમ નં. ૨૬ (સિંગણપોર), એફ.પી.નં. ૧૨૫ ખાતે ડી-માર્ટ પાસે. | | ✓ | ✓ |
| | | ૨૦. | કોસાડ એચ-૫ આવાસ પાસે, કોમ્યુનીટી હોલની સામે. | | ✓ | ✓ |
| | | ૨૧. | ટી.પી સ્કીમ નં. ૫૧, એફ.પી.નં. ૨૦૧, વણઝારાવાસ પાસે, ડભોલી. | | | ✓ |

સુરત શહેરનાં તમામ શ્રીગણેશ ઉત્સવ આયોજકોને આથી જાહેર અપીલ કરવામાં આવે છે કે, તાપી નદી અને દરિયામાં થતા પ્રદુષણને અટકાવવા તેમજ પર્યાવરણનાં રક્ષણ માટે ગણેશજીની પ્રતિમાઓનું મંડપ/ઘરમાં વિસર્જન થાય તે મુજબ ઈકો ફ્રેન્ડલી મૂર્તિઓની સ્થાપના કરવા તેમજ પી.ઓ.પી. માંથી બનાવેલ શ્રીગણેશજીની પ્રતિમાઓનું વિસર્જન ઈ.ચા.પોલીસ કમિશનરશ્રી નાં જાહેરનામા પત્ર ક્રમાંક/એસ.બી./ગણેશ મહોત્સવ/૧૩૨/૨૦૨૬, તા.૧૦/૦૭/૨૦૨૬માં દર્શાવેલ સુચનાઓનાં પાલન ને આધિન ઉપર જણાવેલ કૃત્રિમ તળાવોમાં જ કરવા અપીલ કરવામાં આવે છે.

NO.P.R.O.228/2026-27
DATE.14/09/26

કમિશનર
સુરત મહાનગરપાલિકા


# ગાંધીનગરમાં શિક્ષક સંઘનું આંદોલન

**વલસાડ** - કપરાડા HTAT સંઘનું સમર્થન પ્રદર્શન



વલસાડ : ગાંધીનગરમાં ગુજરાત રાજ્ય મુખ્ય શિક્ષક સંઘના યોજાયેલા લોકશાહી અને ન્યાયસંગત સંઘર્ષને વલસાડ જિલ્લા અને કપરાડા તાલુકા પ્રાથમિક મુખ્ય શિક્ષક સંઘ - HTAT તરફથી સમર્થન આપી વલસાડ જિલ્લાના હોદ્દેદારોએ પણ ભાગ લીધો હતો. ધોધમાર વરસાદ વચ્ચે પણ શિક્ષકો ઉમટી પડ્યા હતા અને વિરોધ વ્યક્ત કર્યો હતો.

ગુજરાત રાજ્યના મુખ્ય શિક્ષકોના લાંબા સમયથી પડતર રહેલા વિવિધ પ્રશ્નો, હક્કની માંગણીઓ તથા વહીવટી મુશ્કેલીઓના નિરાકરણ માટે ગુજરાત રાજ્ય મુખ્ય શિક્ષક સંઘ દ્વારા ગાંધીનગરમાં ધરણા કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વલસાડ જિલ્લા પ્રમુખ અજયભાઈ ઠાકોર, ઉપપ્રમુખ અનિલભાઈ કોળી, ઉપપ્રમુખ, કપરાડા તાલુકા પ્રાથમિક મુખ્ય શિક્ષક સંઘ, પ્રમુખ કિરણકુમાર ભરસટ, મહામંત્રી હિરલબેન પટેલ સહીતના હોદ્દેદારો ઉપસ્થિત રહ્યા હતાં.

### મુખ્ય માંગણીઓ

» તમામ પ્રકારની બદલી વાર્ષિક ધોરણે નિયમિત કરવામાં આવે. » બદલીથી નિમણૂંક પામેલ આચાર્યઓને એક ઇજાફો આપવામાં આવે. » 01/04/2005 પછી નિમણૂંક પર્મચારીઓને ઓ.પી.એસ.માં સમાવેશ કરવામાં આવે. » અનુદાનિત સંસ્થાના કર્મચારીઓની અગાઉની સેવાને હાલની સેવા સાથે જોડીને સળંગ ગણવામાં આવે. » 300થી વધુ સંખ્યા ધરાવતી તમામ શાળાઓમાં કેન્દ્રીય ધોરણે શાળા સહાયકની વ્યક્તિગત નિમણૂંક કરવામાં આવે. શાળાની કામગીરી સરળ બને તે માટે ગ્રાન્ટ સમયસર ફાળવવી, » પગાર પત્રકની કામગીરી સરળ બનાવવી, પગાર નિયમિત રીતે જમા કરાવવો, શાળાની ગ્રાન્ટના બેંક એકાઉન્ટ બદલવાની પ્રક્રિયા બંધ કરવી